ક્રિ.ઈન્કવાયરી નંબર – 2168 /2017

## આંક– ૧ લગત હુકમ

ફરિયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરિયાદ, લિસ્ટ ઓફ ડોક્યુમેન્ટ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. ફરિયાદી તર્ફે અસલ ચેક, અસલ રિટર્ન મેમો, નોટીસ રજિસ્ટર્ડ પોસ્ટ કર્યાની અસલ સફેદ પાવતી, એકનોલેજમેન્ટ અસલ તથા અન્ય અસલ તથા ખરી નકલ તથા નકલો રજુ કરવામા આવેલ છે. જે તમામ ધ્યાને લીધા. તકરારી ચેક, રિટર્ન મેમો તથા ફરિયાદની હકિકતો ધ્યાને લેતા ફરિયાદીની બેંક અત્રેની અદાલતની હકુમતમા આવતી હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. વધુમા તકરારી ચેક, રિટર્ન મેમો, નોટીસ, એકનોલેજમેન્ટ તથા ફરિયાદની હકિકતો ધ્યાને લેતા ફરિયાદ સમયમર્યાદામા દાખલ કરવામા આવેલ હોવાનુ જણાય આવે છે. વધુમા ફરિયાદી તર્ફે દલીલ કરેલ છે કે તકરારી ચેકમા જે વ્યક્તિની સહી છે તેને આરોપી તરીકે જોડવામા આવેલ છે, રેકોર્ડ જોતા ફરિયાદીએ આ હકિકત સોગંદ ઉપર પણ જણાવેલ હોય હાલ ન માનવાને કારણ નથી. ફરિયાદી તર્ફે દલીલ કરેલ છે કે નેગો.ઈન્ટ્રુ.એક્ટ કલમ ૧૪૨ મુજબ આરોપી સામે ગુનાનુ કોગ્નિઝન્સ લેવા પુરતો પુરાવો હોય સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવા રજુઆત કરેલ છે. આ તબક્કે કલમ ૧૪૨ ધ્યાને લેવી જરુરી છે. જે નીચે મુજબ છે.

**142 Cognizance of offences.**—Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973 (2 of 1974)—

(a) no court shall take cognizance of any offence punishable under section 138 except upon a complaint, in writing, made by the payee or, as the case may be, the holder in due course of the cheque;

(b) such complaint is made within one month of the date on which the cause of action arises under clause (c) of the proviso to section 138:

[Provided that the cognizance of a complaint may be taken by the Court after the prescribed period, if the complainant satisfies the Court that he had sufficient cause for not making a complaint within such period.]

(c) no court inferior to that of a Metropolitan Magistrate or a Judicial Magistrate of the first class shall try any offence punishable under section 138.]

આમ, સદર જોગવાઇ ધ્યાને લેતા આરોપી સામે કલમ ૧૩૮ મુજબના ગુનાનુ કોગ્નીઝન્સ લેવા પુરતો પુરાવો રેકોર્ડ પર હોય તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે ઇન્ડિયન બેંક એસોસીએશનના કેસમા આપેલ માર્ગદર્શીકા ધ્યાને લઇ ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## હુકમ

આ કામે ફરીયાદીના વિ.વ.શ્રી.ને હકુમત, સમયમર્યાદા તથા આરોપીની સંડોવણી બાબતે સાંભળ્યા બાદ તેમજ ફરીયાદ, સોગંદનામુ તથા દ.પુ.લીસ્ટ અને સોગંદ પર જણાવેલ હકીકતોને ધ્યાને લેતા હાલની ફરીયાદમાં જણાવેલ આરોપી સામે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ઇન્સાફી કાર્યવાહી કરવા વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવતા હોય તેથી ઉપરમાં જણાવેલ ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી થવા માટે સી.આર. પી.સી ની કલમ ૨૦૪ (એ) મુજબના સમન્સ ઇસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે. આરોપીની હાજરી સુનિશ્ચિત કરવા માટે આરોપીએ પ્રથમ મુદ્દતે હાજર થયેથી રુપિયા ૫૦૦૦/- ના સધ્ધર જામીન તથા તેટલીજ રકમનો જાતમુચરકો પણ રજુ કરવાનો હુકમ કરવામા આવે છે. આ ફરીયાદમાં હવે પછીની ફેરમુદત તારીખ ૨૦/ ૬ /૨૦૧૮ ની મુકરર કરવામાં આવે છે. આ કેસ માં

સંકળાયેલ કાયદા તથા હકીકતોની તકરારો જોતા આ કેસને સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવા હુકમ કરવા માં આવે છે.

ફરીયાદપક્ષે ફરીયાદની સાથે સામેલ રાખેલ હોય તે તથા ફરીયાદપક્ષ જેના પર આધાર રાખતા હોય અને રજુ કરેલ હોય તે તમામ દસ્તાવેજોની નકલોનો એક સેટ અત્રેની કોર્ટ ફાઇલમાં આરોપીની નકલ તરીકે મુકવા હુકમ કરવામાં આવે છે

આથી ક્રીમીનલ પ્રો.કોડની કલમ ૨૦૨ તળેની ઈન્કવાયરી ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે, ફરીયાદ રજીસ્ટરે લેવી અને તેને ફોજદારી કેસ નંબર આપવો.

આ હુકમ આજરોજ તા.૧૭ માહે ૩ ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરેલ છે.

(પ્રિતેશ એલ. પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ
નેગો.ઈ.એ.કોર્ટનં. 31 અમદાવાદ
**GJ00890**